# સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર મુકાયા પણ મુસાફરોને લાભ મળતો નથી


## સ્ટાફના અભાવે પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ પણ શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા. ૧૭

કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડોનું આંધણ થયા બાદ પણ મુસાફરો માટે પાયાની સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. રેલવે પ્લેટફોર્મ પર પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ તેમજ કોચ ઈન્ડીકેટર મુકાયા બાદ જરૂરી સ્ટાફના અભાવે મુસાફરો સ્ટેશનલક્ષી સવલતોથી વંચિત રહ્યા છે.

શહેરના રેલવે સ્ટેશનને વિકસાવવા માટે કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. સ્થાનિક સંસ્થાઓ તેમજ અગ્રણીઓ દ્વારા દાયકાઓથી આ મામલે સંખ્યાબંધ રજૂઆતોનો દૌર હાથ ધરાતા આખરે રેલવે સ્ટેશનના ટ્રેક પર રેલગાડીનો ધમધમાટ જોવા મળે છે. ગરીબ રથ અને હરિદ્વાર સહિતની ટ્રેન સેવા ઉપલબ્ધ થતા સ્ટેશન પર મુસાફરોની અવર-જવર પણ વધી છે. આમ છતાં લાંબા સમયના અંતે સ્ટેશન પર પાયાની સુવિધા ઉપલબ્ધ ન થતા મુસાફરોએ રોજબરોજ પારાવાર હાલાકી વેઠવી પડે છે. કેપીટલ સ્ટેશન પર પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, કોચ ઈન્ડીકેટર, સહતની સુવિધાઓ ઉભી કરાયા બાદ પણ મુસાફરોને તેનો લાભ મળતો નથી. કેપીટલ સ્ટેશન પર સ્ટાફના અભાવે આ સઘળી વ્યવસ્થાનું મોનીટરીંગ થઈ શક્યુ ન હોવાથી આ સુવિધા મુસાફરોને ઉપયોગી બની નથી. વધુમાં રેલવે સ્ટેશન તરફ દિશા નિર્દેશ કરતુ બોર્ડ પણ લાંબા સમયના અંતે લગાવાયુ નથી. બીજી તરફ ઉબડ-ખાબડ માર્ગ પર યોગ્ય લાઈટની સુવિધા પણ ન હોવાથી મહિલાઓ અને સિનિયર સિટિઝન્સે રાત્રિના સમયે મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે.





ગાંધીનગર નાગરિક બેંકના નવા વરાયેલા હોદ્દેદારોએ આજે બપોરે ૧૨.૩૯ કલાકના શુભ મુહૂર્તે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. ચેરમેન, વાઈસ ચેરમેન, મેનેજીંગ ડીરેક્ટર સહિત બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

# જિલ્લા પોલીસનું ઓપરેશન ઉત્સવ શહેરને ફળ્યુ..!

## તહેવાર દરમ્યાન શહેરમાં એકપણ ઘરફોડ ચોરી થઈ નહી : ૯૭ મકાન માલિકોએ બંધ મકાનની જાણ પોલીસને કરી

ગાંધીનગર, તા. ૧૭

તહેવારોના દિવસોમાં બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરોના ઘરફોડ કરી જવાના કિસ્સાઓ સામાન્ય રીતે વધી જતાં હોય છે જેને ધ્યાને રાખીને ગાંધીનગર જિલ્લા પોલીસે તહેવારો દરમ્યાન તસ્કરો મોકાનો ફાયદો ઉઠાવીને ઘરફોડ કરી ન શકે તે માટે 'ઓપરેશન ઉત્સવ'નું આયોજન કર્યું હતું. ગાંધીનગરની પ્રજાના મકાન તથા માલ-મત્તાની સલામતી માટેનું આ ઓપરેશન ઉત્સવ ગાંધીનગરને ફળ્યુ તેમ ચોક્કસપણે કહી શકાય. શહેરમાં એક પણ ઘરફોડ ચોરી આ નવા વર્ષની શરૂઆતમાં કે રજાઓમાં થવા પામી નથી.

ગાંધીનગર પોલીસ દ્વારા બંધ મકાનોની સલામતી માટે 'ઓપરેશન ઉત્સવ' શિર્ષક હેઠળ નવો નુસ્ખો અપનાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત પોલીસ દ્વારા એક ફોર્મ તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની પ્રજાએ શુ શુ તકેદારી રાખવી તથા સાવચેતીના પગલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત જે મકાનમાલિકો રજાઓ માણવા મકાન બંધ કરીને બહારગામ જવાના હોય તે લોકોએ સ્થાનિક પોલીસને જાણ કરવા માટેનું ફોર્મ પણ તેમાં જોડવામાં આવ્યું હતું.

જેથી પોલીસ આવા બંધ મકાનોને લીસ્ટ આઉટ કરીને તે વિસ્તારોમાં ખાસ પેટ્રોલીંગ કરી શકે. આ પ્રકારના ૯૭ ફોર્મ શહેરના મકાન માલિકોએ ભરીને પોલીસને સબમીટ કર્યા હતા. શહેરના સે. ૭ પોલીસ સ્ટેશનમાં ૨૫ મકાનમાલિકોએ અને સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ૭૨ મકાનમાલિકોએ બહારગામ જવાનું હોવાથી ફોર્મ સબમીટ કરાવ્યા હતા. જેને પગલે તે વિસ્તારોમાં પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ કરવામાં આવ્યું હોવાથી ગાંધીનગરમાં એક પણ ઘરફોડ ચોરીનો કિસ્સો બનવા પામ્યો નથી. જિલ્લા પોલીસનું ઓપરેશન ઉત્સવ શહેરને ખરા અર્થમાં ફળ્યું હોય તેમ આ બાબત પરથી ચોક્કસપણે કહી શકાય...!

# એસ.ટી.ડેપોમાં વિદ્યાર્થીએ પાસ કાઉન્ટર પર તોડફોડ મચાવી

## વિદ્યાર્થી પાસના ફોર્મમાં વિગતો સંપૂર્ણપણે ભરી ન હોવાથી કર્મચારીએ પાસ કાઢવાની ના પાડતા રોષ ઠાલવ્યો

ગાંધીનગર, તા. ૧૭

વિદ્યાર્થી પાસનું ફોર્મ સંપૂર્ણ પણે ભર્યા વગર ગાંધીનગર એસ.ટી. ડેપોમાં લાઈનમાં ઉભા રહેલા વિદ્યાર્થીને કર્મચારીએ ફોર્મ ભર્યા પહેલા પાસ નહી નિકળે તેમ કહેતા કોલેજીયન વિદ્યાર્થી અકળાઈ ઉઠ્યો હતો અને પાસ બારીના કાચની તોડફોડ કરી ડેપોના કર્મચારી સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. પાસ કઢાવવાની બાબતે થયેલા હોબાળાનો અન્ય મુસાફરોની દરમ્યાનગીરી બાદ અંત આવ્યો હતો. બારીના કાચ તોડી નાંખનાર વિદ્યાર્થી મુસાફને હાથે ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઝપાઝપી દરમ્યાન પાસ કાઉન્ટરમાંથી ૫ થી ૭ હજાર રૂપિયા રોકડા ચોરાયા હોવાનો પણ એસ.ટી. ડેપો કર્મીઓનો આક્ષેપ છે.

બપોરના સુમારે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં વિદ્યાર્થી પાસના કાઉન્ટરે લાઈન લાગી હતી. એક કોલેજીયન વિદ્યાર્થીએ તેનું ફોર્મ પાસ કાઉન્ટર પર બેઠેલા મહિલા કર્મચારીને આપ્યું. પરંતુ આ ફોર્મમાં સંપૂર્ણ વિગતો નહીં હોવાનું ધ્યાને આવતા મહિલા કર્મચારીએ ફોર્મ ફીલઅપ કર્યા વિના પાસ નહીં કાઢી આપવાનું કહ્યું હતું. વિદ્યાર્થી આ વાત સાંભળીને રોષે ભરાઈ ગયો હતો અને તેણે પોતાનો રોષ પાસ બારીના કાચ પર ઠાલવ્યો હતો. કાચની તોડફોડ કરીને તે વિદ્યાર્થીએ ધમાલ મચાવી મુકી હતી. કાચ તોડતા વિદ્યાર્થીને હાથે ઈજાઓ પણ થવા પામી હતી. એસ.ટી.ડેપોના કર્મચારીઓ સાથે આ મામલે તેણે ઝપાઝપી પણ કરી મુકી હતી. આ ઝપાઝપી દરમ્યાન પાસ કાઉન્ટરમાંથી રૂ. ૫ થી ૭ હજાર ચોરાયા હોવાનો પણ કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

## આજે એસોસિએશન ઓફ સિનીયર એન્જિનિયર એન્ડ આર્કિટેકની માસિક સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર એન્ડ આર્કિટેકના પ્રમુખ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, એસોસિએશન ઓફ સિનીયર એન્જિનિયર એન્ડ આર્કિટેકની માસિક સભા આજે સવારે ૧૦.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. માસિક સભામાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

## આજે એન.ટી.એસ. અને એન.એમ.એમ.એસ. પરીક્ષા યોજાશે

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુંછે કે, આજે તા. ૧૮મી નવેમ્બર ૨૦૧૨ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા ધોરણ-૧૦ અને નેશનલ મીન્સકમ મરીટ સ્કોલરશીપ ધોરણ-૮ની પરીક્ષા યોજવામાં આવશે.

એન.ટી.એસ. પરીક્ષામાં જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ સવારે ૧૧ થી ૧૨.૩૦ દરમિયાન અને સ્કોલેસ્ટીક એટટીટ્યૂટ ટેસ્ટ ૧૨.૩૦થી ૨ વાગ્યા દરમિયાન યોજાશે. પેપર ૯૦+૯૦ ગુણના રહેશે. તેવી જ રીતે એન.એમ.એમ.એસ. પરીક્ષા તે જ સમય યોજાશે. એન.ટી.એસ. પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ૭૩૬૫૦ થી ૭૩૯૪૯ સુધીના નંબરો મહાત્મા ગાંધી વિદ્યાલય સેક્ટર-૧૬માં, ૭૩૯૫૦થી ૭૪૨૪૯ સુધીના નંબરો મહારાણા પ્રતાપ વિદ્યામંદિર સે-૨૭માં ૭૪૨૫૦ થી ૭૪૩૭૦ સુધીના નંબરો સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેક્ટર-૧૨માં ગોઠવવામાં આવ્યા છે. એન.એમ.એમ.એસ.ના નંબર ૮૭૫૫૮ થી ૮૭૯૧૭ સુધીના નંબરો શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સેક્ટર-૨૩માં, નંબર ૮૭૯૧૮ થી ૮૮૨૧૭ સુધીના નંબરો આર. સી. પટેલ હાઈસ્કૂલ, સે-૨૩માં અને બેઠક નં. ૮૮૨૧૮ થી ૮૮૫૧૭ સુધીના નંબર આર. જી. કન્યા વિદ્યાલય સે-૨૩માં ફાળવવામાં આવ્યા છે. બેઠક નં. ૮૮૫૧૮ થી ૮૮૭૫૫, બેઠક નં. ૭૨૬૨૬ થી ૭૨૬૩૫ તથા ૭૨૬૩૭થી ૭૨૬૪૨ સુધીના નંબરો એમ.બી.પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ સે-૨૩, ગાંધીનગરમાં ફાળવવામાં આવ્યા છે.

# ઊંઝા એસ.ટી. તંત્ર દ્વારા સૌરાષ્ટ્ર સહિત અન્ય સ્થળોએ નવા રૂટ શરૂ કરવા મુસાફરોની માંગ

ઊંઝા, તા. ૧૭

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા એસ.ટી. ડેપો દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના મહત્વના સ્થળોને જોડતા નવિન બસ રૂટો શરૂ કરવા માટે મુસાફર જનતાની માગણી ઉઠી છે.

ઊંઝા એસ.ટી. ડેપો અ વર્ગ ધરાવે છે. પરંતુ તેની વિવિધ રૂટો પર દોડતી શિડ્યુલ બસો પૈકી મોટાભાગની લોકલ સર્વિસો છે. જ્યારે જૂજ સર્વિસો એક્સપ્રેસ છે.જેમાં સુરત, નખત્રાણા, જૂનાગઢ, વડોદરા, અમદાવાદ અને મોડાસાનો સમાવેશ થાય છે. ઊંઝા વેપારીમથકની સાથે કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીનું મોટું યાત્રાધામ છે. વુંમાં નજીકમાં ઉનાવા પણ સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. જેમાં મીરાંદાતારની દરગાહ હોઈ આ બંને યાત્રાસ્થળોએ ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર થાય છે.

આ ઉપરાંત ઊંઝા વેપારી મથક હોવાથી બહારથી ખેડૂતો અને વેપારીઓની પણ આવ-જા થતી રહે છે. ત્યારે રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય તથા દક્ષિણ ગુજરાતના મહત્વના યાત્રા સ્થળો, શહેરો, નગરોને જોડતી એસ.ટી. બસ સર્વિસો સાવ ઓછી હોવાથી મુસાફરોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. સને ૧૯૯૦ની સાલમાં ઊંઝા એસ.ટી. ડેપો વિધિવત રીતે અમલી બન્યો હતો. આજે ૨૦ વર્ષનો સમયગાળો વિતી જવા છતાં ઊંઝા ડેપોને ખાસ કોઈ નવિન બસ રૂટોની ફાળવણી કરવામાં આવી નથી. તદ્ ઉપરાંત પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના કોઈપણ શહેરને જોડતી આંતરરાજ્ય કોઈ બસ સર્વિસ શરૂ કરાયેલ નથી. ઊંઝામાં રાજસ્થાનના અસંખ્ય પરિવારો ધંધા અને મજુરી અર્થે વસવાટ કરી રહ્યા છે. જેઓને પોતાના વતનમાં જવા-આવવા માટે અહીંથી કોઈ સીધી બસ સગવડ ઉપલબ્ધ નથી. તેમજ ઉ.ગુ.ના મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના મહત્વના જિલ્લા તાલુકા મથકો તેમજ યાત્રાધામોને જોડતી બસ સર્વિસો નથી.

આ બાબતે એસ.ટી.ના વરિષ્ઠ સત્તાધિશોએ મુસાફર જનતાની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈને રાજ્યના મહત્વના યાત્રા સ્થળો, શહેરો અને નગરોને જોડતી નવિન બસ સર્વિસો વહેલીતકે શરૂ કરવી જરૂરી છે. આમ થાય તો સ્થાનિક અને બહારના મુસાફરોને આવ-જા કરવામાં સારી બસ સગવડ મળી રહે તેમ છે.

# મા પાસે દાગીના માગતા પુત્ર પર પડોશીનો લાકડીથી હુમલો

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર વિસ્તારના મહેતાપુરા ખાતે દાગીનાની માગણી કરતાં લાકડીથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હિંમતનગર ટાઉનપોલીસ મથકે નોંધ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૧૪ નવેમ્બરના રોજ રાત્રીના ૧૧.૩૦ કલાકના સુમારે હિંમતનગર વિસ્તારના મહેપતાપુરા, મરઘાકેન્દ્ર પાસે સિધ્ધાર્થનગરમાં જીતેન્દ્રભાઈ પરમાભાઈ રાઠોડ એ પોતાની મા પાસે પોતાની પત્ની માટે દાગીનાની માગણી કરતાં રાજેશભાઈ રતીલાલ વણકર એ કહેલ કે કેમ બા પાસે દાગીના માગો છો તેમ કહી ઉશ્કેરાઈ જઈ લાકડી લઈ આવી જીતેન્દ્રભાઈ રાઠોડને ગાળો બોલી માથાના ભાગે કપાળમાં ઉપરના ભાગે લાકડી મારી તથા નીરૂબેનને કપાળમાં જમણી આંખ ઉપર લાકડી મારી ઈજા કરી હોવાનું હિંમતનગર ટાઉન પોલીસ મથકે જીતેન્દ્રભાઈ પરમાભાઈ રાઠોડ એ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે હે.કો. રાજેન્દ્રકુમાર ભીખાભાઈએ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૫૦૪ તથા જી.પી. એકેટ ક. ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ટ્રાફીક તંત્રની રહેમનજર હેઠળ જોખમી મુસાફરી કરાવતા ખાનગી વાહન ચાલકો સામે રોષ

મહેસાણા, તા.૧૭

મહેસાણામાં પોલીસતંત્રની રહેમનજર તળે કાયદાની ઐસી કે તૈસી કરીને વિવિધ રૂટો પર રોજિંદા અમર્યાદ મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે છતાં પોલીસ તથા આર.ટી.ઓ. તંત્ર દ્વારા કાનૂની રાહે કોઈ કડક પગલાં ભરાતાં નથી. પરીણામે અવાર નવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયે માનવીઓની જીવનદોરી ટૂંકાય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવે પર તેમજ અન્ય માર્ગો ઉપર ખાનગી વાહનોના અકસ્માતોના ઘણા કિસ્સા નોંધાયા છે.

મહેસાણા જિલ્લાના જુદા જુદા રૂટો પર ખાનગી વાહનો એસ.ટી.ની શિડયુલબસોની સમાંતર દોડી રહ્યા છે. આવા વાહનોમાં ઘેટાં બકરાંની જેમ અમર્યાદ મુસાફરો ભરાય છે. આવા વાહનોના ચાલકો કમાવવાની લ્હાયમાં પુરઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારીને મુસાફરોની જીંદગી જોખમમાં મૂકે છે.

ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસ મથકોની આસપાસ અડ્ડો જમાવે છે અને મોટા ભાગે એ.ટી. બસોના મુસાફરોને જ પોતાના વાહનોમાં ખેંચી જાય છે. જેથી એસ.ટી. તંત્રની આવક પર આની સીધી અસર પડે છે. જિલ્લાના અધિક કલેકટર દ્વારા જાહેરનામું બહાર પડાયેલ છે તેમ છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેમ જણાય છે.

પોલીસતંત્રમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવાનું ચર્ચાય છે. કેવળ નાણાં કમાવા પર જ પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કહે છે કે ભ્રષ્ટાચારના કુંડાળામાં કોન્સ્ટેબલથી માંડીને ઉચ્ચ પોલીસ અધિકારીઓના પગ ખરડાયેલા હોવાનું બોલાય છે. હવે મે આઈ હેલ્પ યુ ના બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. કથિત ભ્રષ્ટાચાર અને ચોર કોટવાલને ડંડે તેવી પોલીસની કાર્યશૈલીના કારણે આમ નાગરિકો, બુધ્ધિજીવી વર્ગના લોકો મોટા ભાગે પોલીસની મદદ કે સહાય મેળવવામાં ખચકાટ અનુભવે છે.

ખાનગી વાહનોમાં અમર્યાદીત મુસાફરો ભરીને કાયદાની ઐસી કી તૈસી થઈ રહી છે અને અવાર નવાર જીવલેણ અકસ્માતોમાં કેટલાયના મોત થતા જાય છે. પોલીસની પરવાનગી વગર ખાનગી વાહનો આવી રીતે દોડી શકે તેમ નથી તેવું લોકોનું માનવું છે. મુસાફરો ભરીને દોડતા ખાનગી વાહનોના ચાલકો કે સંચાલકો તરફથી ટ્રાફીક પોલીસ તેમજ જે તે હદની પોલીસને દર મહિને તગડા હપ્તાઓ ચૂકવાતા હોવાનું ચર્ચાય છે. જિલ્લાની લાંચ રૂશ્વત વિરોધી શાખાનું તંત્ર પણ ભ્રષ્ટાચારની બદીને ડામવામાં સદંતર નિષ્ફળ નિવડયું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.

# આજે સુરમધુર કલાવૃંદ સંસ્થાનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં છેલ્લા ૧૭ વર્ષથી કલારસિકોના હૃદયને હરખાવતી સુરમધુર કલાવૃંદ સંસ્થા દ્વારા આજે લાભ પાંચમ નિમિત્તે કલાકારો અને કલારસિકો માટે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

સુરમધુર કલાવૃંદના નિયામક મયંક દવેએ નૂતન વર્ષની શુભેચ્છાઓ સાથે તમામ ક્ષેત્રના કલાકારો અને કલારસિકો માટે લાભ પાંચમે સુરમધુર, પ્લોટ નં. ૧૮૭/૨, સેક્ટર-૪-એ, ગાંધીનગર ખાતે સ્નેહ મિલનનું આયોજન કર્યું છે. સ્નેહમિલનમાં તમામ ક્ષેત્રના કલાકારો અને કલારસિકોને પધારવા માટે આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વન વિભાગે છેલ્લા ચાર વર્ષમાં ૨.૯૦ લાખ રોપાઓનું વિતરણ કર્યુ

## યોગ્ય જાળવણી અને ઉછેરના અભાવે વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો

ગાંધીનગર, તા. ૧૭

વન વિભાગ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં નગરજનોને અંદાજિત ૨.૯૦ લાખ રોપાઓનું વિતરણ કરાયું છે. વિકાસના નામે વૃક્ષોનું નિકંદન વળતા નગર બેરન સીટી બનવા તરફ છે. ત્યારે રોપાઓના વિતરણ બાદ વૃક્ષોનું અસ્તિત્વ ટકાવી રાખવા યોગ્ય જાળવણી ન થતી હોવાનો જનઆક્રોશ પણ પ્રબળ બન્યો છે.

એક સમયે હરિયાળીની ઓથમાં પાંગરતા ગાંધીનગરનું નામ ગ્રીન સીટી તરીકે મોખરે હતું. પરંતુ વૃક્ષોની માવજત અને જાળવણીના અભાવ વચ્ચે શહેરમાં વિકાસના નામે હજારો વૃક્ષોનું નિકંદન વળતા ગ્રીનસીટીની ઓળખ ભુંસાઈ ગઈ છે. શહેરમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન ૨.૯૦ લાખ રોપાઓનું વિતરણ કરાયું છે. ત્યારે નવિન વૃક્ષોની સંખ્યા સંદર્ભે કોઈ સત્તાવાર માહિતી આપવામાં વનતંત્રનું મોં જાણે વંકાય છે. ત્યારે રોપાઓના વિતરણ બાદ તેના અસ્તિત્વ સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. શહેરને હરિયાળુ બનાવવા આમ નાગરિકોમાં જાગૃતિ કેળવાય અને ઉત્સાહ વધે તેવા ઉમદા અભિગમ સાથે વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯થી વૃક્ષયાત્રાનો નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. સેક્ટરે સેક્ટરે નિકળતી આ યાત્રાના આસયથી નગરજનોમાં પણ રોપાઓના ઉછેર માટે ઉમળકો જોવા મળ્યો હતો. ચાલુ વર્ષ દરમિયાન પણ ૯૦ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુંહતું. પરંતુ રોપાઓના વિતરણની સાથે તેની યોગ્ય જાળવણી અને ઉછેર માટે પણ નાગરિકો સહિત વનતંત્ર વધુ જાગૃત થાય તો વૃક્ષયાત્રાનો યોગ્ય હેતુ સાર્થક થાય તેવો પ્રબળ સૂર ઉઠવા પામ્યો છે.



ગાંધીનગર જિલ્લાના ચિલોડા ગામમાં ચાલુ સાલે ભાઈબીજના દિવસે સવારથી ચિલોડાથી ઊંઝા-ઉમિયા માતાજીના ધામે ચિલોડા ગામના કડવા પાટીદાર સમાજના ૧૦૦થી વધુ યવાન ભાઈ-બહેનો દર્શનાર્થે જતા જયંતિભાઈ જીવાભાઈ પટેલના નિવાસ સ્થાનેથી ઉમિયા માતાનો ભવ્ય રથ વાજતે ગાજતે નીકળતાં ગામમાં ભકિતનો માહોલ જામ્યો હતો. આ પ્રસંગે ઉમિયા માતાજીની ધ્વજા તથા રથ લઈને નીકળેલા યુવાનોએ ગામના ચોકમાં રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સાબરકાંઠા જિલ્લામાં નવા વર્ષની આનંદ-ઉત્સાહભેર ઉજવણી કરાઈ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૬૯ના રોજ બુધવારે નવા વર્ષને જિલ્લાની પ્રજામાં અનેરો આનંદ સાથે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. સવારથી જ લોકો સૌપ્રથમ દેવ મંદિરે દર્શન કરી પોતાના સ્વજનો અને મિત્રોને મળી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. વેપારીઓ પણ એકબીજાને ગળે લગાવી નવુ વર્ષ તેમના માટે લાભદાયી નિવડે તે માટે શુભેચ્છાઓ સાથે સ્નેહ મિલન કર્યુ હતુ. અનેક મંદિરોમાં અન્નકુટ સાથે નગરજનો એકબીજાને મોંમાં મીઠાઈ ખવડાવીને નવા વર્ષની આનંદ-ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

બુધવારની વહેલી સવારેથી વેપારીઓ પોતાના ધંધા-રોજગાર શુભ મુહૂર્તમાં ખોલી ઘણાખરા લોકો ફટાકડા ફોડી શુભ પ્રભાતે નવાવર્ષને વધાવ્યું હતું. હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મોડાસા, તલોદ, શામળાજી, પ્રાંતિજ સહિતના નગરોમાં આવેલા ધાર્મિક સ્થળો અને મંદિરોએ ભગવાન સમક્ષ શિશ નમાવવા માટે ભક્તજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જ્યાં અનેક નગરોમાં મંદિરોમાં અન્નકુટ દર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

દર વર્ષની જેમ આ નૂતન વર્ષ પણ હિંમતનગર નગરપાલિકા દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમનું અને વિક્રમ સંવત ૨૦૬૯ની શુભેચ્છાઓની આપ-લે કરવા માટે નગરજનો માટે મહાવીરનગરના પંચદેવ મંદિર પાસે આયોજન કરવામાં આવ્યું હતું. નવા વર્ષના નૂતનવર્ષને વધાવવા વેપારીઓ સાથે નગરજનોએ પોતાની દુકાનો અને ઘરોને ફૂલોના હાર આસોપાલવના તોરણો અને રંગોની રંગોળીથી શુશોભીત કર્યા હતા.

## શંકાસ્પદ દર્દી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાનું જાણવા મળેલ છે. જ્યારે દહેગામના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં નોકરી કરતો એક કર્મચારીને પણ ડેન્ગ્યુ શંકાસ્પદ જણાઈ આવ્યો છે.

આ ત્રણેય મળી આવેલા દર્દીઓના ત્યાં તંત્ર દ્વારા તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ પણ કર્યુ હતુ. પરંતુ કોઈ નવા કેસ મળ્યા નથી.

ગાંધીનગરના જી.ઈ.બી. વિસ્તારની ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી મળી આવેલ દર્દીની વય પાંચ વર્ષની હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

એક તરફ રાત્રિના સમયે ઠંડીનું મોજુ હોય છે જ્યારે દિવસે ગરમીનું પ્રમાણ વધુ હોવાથી મચ્છરો માટે સાનુકૂળ વાતાવરણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તંત્ર દ્વારા શહેર અને જિલ્લામાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવાઈ રહ્યું છે. તંત્રએ જો કે તપાસ આરોગ્ય અધિકારીઓને પરિસ્થિતિ પર સતર્કતાથી નજર રાખવા પણ સૂચવ્યું છે.

## ખતરો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા કૌભાંડો, યુપીએ શાસનની ખરડાતી છબી તેમજ મોંઘવારીની થપ્પડે પ્રદેશ નેતાઓની મૂંઝવણ વધારી દીધી છે, જેનો લાભ ભાજપ અને મોદીને મળી રહ્યો છે.

સૌથી મોટી બાબત એવી છે કે ભાજપમાં મુખ્યમંત્રીના દાવેદાર માત્રને માત્ર મોદી છે, કોંગ્રેસમાં શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને શંકરસિંહ વાઘેલા એમ કુલ ત્રણ નેતાઓ છે. કોંગ્રેસ ગુજરાતમાં ક્યારેય મુખ્યમંત્રી માટે એક નામ પસંદ કરી શકી નથી. ભાજપમાં આ બીજા નેતા છે જેમનું અગાઉથી નામ નક્કી થયું છે. પહેલા નેતા કેશુભાઈ પટેલ હતા.

ગુજરાતની ૧૮૨ બેઠકોમાં નવા સિમાંકનનો માર કોંગ્રેસને પડશે તેના કરતાં ભાજપને વધારે નુકશાન કરે તેમ છે તેથી ઉમેદવારોની પસંદગીમાં સાવચેતી રાખવામાં આવે છે. ભાજપને સૌથી મોટો ડર એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરનો છે. જે ઉમેદવાર ત્રણ કે ચાર ટર્મથી સતત જીતતો આવ્યો હોય તેમના માટે મોટો ખતરો છે.

## ભય સતાવે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્ટીએ લોકસભાના તેના ૫૫ ઉમેદવારોની યાદી અત્યારથી જ જાહેર કરી દીધી છે તેવી રીતે ગુજરાતમાં પણ થવું જોઈતું હતું, પણ પક્ષપલ્ટો કરવાનું પ્રમાણ વધુ દેખાતા બીજા પક્ષમાં જવાનો કોઈને મોકો નહીં આપવાનું વલણ જોવા મળે છે.

ઉમેદવારોની યાદી વહેલી જાહેર કરવાથી એક મોટો ફાયદો એ થાય છે કે જે તે બેઠકના ઉમેદવારને પોતાના વિસ્તારમાં પ્રચાર અને વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં સરળતા રહે છે. નિયત થયેલા ઉમેદવારને વિસ્તારમાં ફરવામાં ખાસ્સો એવો સમય મળી રહી છે.

બીજો ફાયદો એ છે કે ઉમેદવાર ડિક્લેર થતાં પાર્ટીને વિરોધી સૂર ઉઠ્યો હોય તો ઉમેદવાર બદલવાનો સમય પણ મળી રહે છે, જો કે પ્રતિપક્ષને ઉમેદવાર શોધવાની તક મળતી હોઈ આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં એકપણ પાર્ટી આગળ આવતી નથી.

ઉમેદવારી ફોર્મ ભરવાના પ્રથમ દિવસે નોંધાયેલા પક્ષોમાંથી કોઈપણ ઉમેદવાર તેનું ફોર્મ ભરી શકતો નથી કે ચૂંટણી પ્રચારમાં ખુલ્લેઆમ નિકળી શકતો નથી. પાર્ટીમાં અંદરખાને ચૂંટણી લડવાનું કહી દેવામાં આવ્યું હોય છે પણ ઉમેદવાર જાહેર થાય તો સામેવાળી પાર્ટીને ઉમેદવાર પસંદ કરવાની તક મળી જતી હોય છે. આ ડરના કારણે ભાજપ કે કોંગ્રેસ બન્નેમાંથી એકપણ પાર્ટીએ તેમના ઉમેદવારો ડિક્લેર કર્યા નથી.

પાર્ટીના સૂત્રોમાંથી એવું જાણવા મળ્યું છે કે ભાજપ તેના ઉમેદવારોની પસંદગી યાદી ૨૩મી નવેમ્બરે જાહેર કરશે, જ્યારે કોંગ્રેસ આગલા દિવસે કરે તેમ મનાય છે. ગુજરાતમાં પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટેના ઉમેદવારોને ચૂંટણી પ્રચાર અને લોકસંપર્ક કરવા માટે માત્ર ૧૮ દિવસ મળે છે. આટલા ટૂંકા સમયમાં તેઓ પુરો મત વિસ્તાર પણ ફરી શકતા નથી.

આ વખતે નવા સિમાંકનના કારણે મત વિસ્તારો બદલાઈ ચૂક્યાં છે. વર્તમાન ધારાસભ્યો તમામને ટીકીટ મળશે તેવી કોઈ ગેરંટી નથી. નવા ચહેરા માટે પ્રચારનો સમય ઘણો ઓછો છે તેથી જે ઉમેદવાર સતત લોકસંપર્ક કરી રહ્યો છે તેને સફળતા મળી શકે છે, બાકી તો ટીકીટ મળવાની આશાએ હજી જે ઉમેદવારો બેઠાં છે તેઓને મુશ્કેલી પડી શકે તેમ છે.